# વધારાનો ગીરો લેખ

## ( વધારાનો ગીરો- દા.ત. રૂ. ૫૦૦૦૦૦ /- )

લખી આપનાર : (૧) ..............................................................................................

(ગીરો આપનાર) ઉ.વ. ...............ધર્મે તથા જાતે...................ધંધો...........................

ઠે.............................................................................................

( જેમને હવે પછી આ એકસટેન્સન મોર્ગેજમાં " અમો " અને અગર " લખી આપનાર " એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં અમો લખી આપનાર તથા અમારા વંશ, વાલી, વારસો, ઇત્યાદી તમામનો સમાવેશ થયેલો ગણાશે. )

લખાવી લેનાર : (૧) ..............................................................................................

(ગીરો લખાવીલેનાર) ઉ.વ. ...............ધર્મે તથા જાતે...................ધંધો...........................

ઠે.............................................................................................

( જેમને હવે પછી આ એકસટેન્સન મોર્ગેજમાં " તમો " અને અગર " લખાવી લેનાર " એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં તમો લખાવી લેનાર બેંકના હાલના

તથા વખતો વખતના મેનેજરો, વહીવટકર્તા, હોદ્દેદારો, ડાયરેક્ટરો, ઇત્યાદી તમામનો સમાવેશ થયેલો ગણાશે. )

આજ રોજ તારીખ:..................માહે : ............સને................ના રોજ ............મધ્યે અમો લખી આપનાર/આપનારાઓ જાતે રૂબરૂ હાજર થઇ અમો લખી આપનાર ની મિલકત નીચે શિડયુલમાં જણાવેલ અસલ દસ્તાવેજો તમો રૂબરૂમાં સોપણી કરી આ એકસટેન્સન ઓફ મોર્ગેજ ડીડ કરી આપીએ છીએ કે....

અમો લખી આપનારાઓએ મોજે ગામ .............તા................જી. ....................ઠે....................

વિસ્તારમાં આવેલી ટી.પી. નં. .................ફા.પ્લોટ નં. ..............સર્વે નં.......... સી.સ.નં.............. ટીકા નં............. કુલ ક્ષેત્રફળ ચોમી. ............................પૈકી બાંધકામ ચોમી. ......................દુકાન/ફ્લેટ/ઓફીસ/ટેનામેન્ટ/બંગલો/ખેતીની જમીન/અધોગિક હેતુની વાળી મિલકત સૌપ્રથમ અમો લખી આપનાર માલીકી ની મિલકત ઉપર ધિરાણ કરવા માટે લોન મેળવવા માટે અરજી કરેલી અને રજુ કરેલા કાગળો જોઇ તપાસી અમો લખી આપનાર ની સદર સ્થાવર મિલકતના અસલ ટાઇટલ મોર્ગેજ તરીકે મુકવાનું જણાવતાં તમોએ ધીરાણ રૂ <u>દા.ત ૧૦,૦૦,૦૦૦</u>/- (અંકે રૂપિયાદસ લાખ પુરા ) વ્યાજ.............%ના દરથી ધિરાણ મંજુર કરેલ છે. તથા અમો લખી આપનારને કેશક્રેડિટ હાઇપોથીકેશન ધિરાણ લીમીટ મેળવવા માટે અરજી કરેલ અને જેની વિગતો જોઇ, તપાસીને અમો લખી આપનાર ની સદર સ્થાવર મિલ્કતના અસલ, ટાઇટલ મોર્ગેજ તરીકે મુકવાનું જણાવતાં તમો લખાવી લેનાર ........................................................................................................................................ધિરાણ રૂ. <u>દા.ત. ૧૦,૦૦,૦૦૦/-</u> (અંકે રૂપિયા દસ લાખ પુરા ) વ્યાજ............%ના દરથી કેશક્રેડીટ હાઇપોથીકેશન પ્રકરનું ધિરાણ લીમીટ મંજુર કરવામાં આવેલ છે. જેની સીકયોરીટીમાં અમો લખી આપનાર એ સદર મિલકતના અસલ દસ્તાવેજો સુપ્રત કરી તારીખ: ..................ના રોજ (મે. સબ રજીસ્ટ્રાર સાહેબ

તા-..............................રૂબરૂ દસ્તાવેજ અનુક્રમ નંબર <u>દા.ત. ૧૫૦૦</u> થી રજીસ્ટર્ડ મોર્ગેજ યાને ડીપોઝીટ ઓફ ટાઇટલ ડીડથી તમો લખાવી લેનારની તરફેણમાં સુપ્રત કરેલા છે. જે ધિરાણૉ હાલમાં ચાલુ છે. તદ્ ઉપરાંત અમો લખી આપનાર ને ધિરાણની વધુ જરૂરીયાત પડતાં અગાઉ મંજુર કરેલ કેશક્રેડીટ હાઇપોથીકેશન ધિરાણ લીમીટ વધારવા માટે અરજી કરેલ અને અમો લખી આપનાર ની સદર સ્થાવર મિલકતના અસલ દસ્તાવેજો એક્સટેન્શન ઓફ મોર્ગેજમાં મુકવાનું જણાવતાં તેની વિગત જોઇ તપાસીને તમો લખાવી લેનાર.......................................................................................................................................

વધારાનું ધિરાણ રૂ. <u>દા.ત. ૫૦૦૦૦૦/-</u> વ્યાજ.............%ના દરથી કેશક્રેડીટ હાઇપોથીકેશન પ્રકારનું વધારાની ધિરાણ લીમીટ મંજુર કરવામાં આવેલ છે. જેની સીકયોરીટીમાં વખતો વખત રીન્યુઅલ કરેલ કેશક્રેડીટ હાઇપોથીકેશન ધિરાણ લીમીટના તારણ સામે અમો લખી આપનાર ની નીચે શીડયુલ-૧ માં જણાવેલ મિલકત તથા નીચેના શીડયુલ-ર માં જણાવ્યા મુજબના અસલ દસ્તાવેજ તમો પાસે જમા કરાવીએ છીએ અને સદર ધિરાણમાં કન્ટીન્યુ રાખેલ છે તેમજ મે. સબરજીસ્ટ્રાર સાહેબ રૂબરૂ અનુક્રમ નંબર :............. થી તારીખ:.................. ના રોજ રજીસ્ટર્ડ મોર્ગેજ યાને ડીપોઝીટ ઓફ ટાઇટલ ડીડ ચાલુ રહેશે. અને સદર મિલકતના દસ્તાવેજો તથા નીચેના શીડયુલ-ર માં જણાવ્યા મુજબના દસ્તાવેજો સદર મંજુર કરેલ ધિરાણૉમાં કન્ટીન્યુ રાખીએ છીએ અને તે માટે તમો લખાવી લેનાર બેંકને નવી મંજુર થયેલ ધિરાણ લીમીટ સામે આ રજીસ્ટર્ડ એકસટેન્સન ઓફ મોર્ગેજ યાને કે વધારાનો બોજો યાને કે એન્હેન્સમેન્ટ ઓફ ચાર્જ નીચેની મિલકત ઉપર કરી આપીએ છીએ સદર મિલકત અમો લખી આપનાર ની કુલ સ્વતંત્ર માલીકીના નામે છે. આમ સદર મિલકતમાં અમો લખી આપનાર સીવાય અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિસ્સો, હીત, સંબંધ, પોષાતો નથી તેમજ સદરહું મિલકતના અમો લખી આપનાર તેના કુલ સ્વતંત્ર

માલીક, કબજેદાર છે. લખી આપનાર માલીક છીએ. તેમજ લખી આપનાર માં હીત ધરાવતાં હોવાથી સદરહું મિલકતના અસલ દસ્તાવેજો ડીપોઝીટ કરવા અમો લખી આપનાર હક્કદાર છીએ અને સદર મિલકત લખી આપાનાર ને ધંધાના વિકાસ કરવા માટે મેળવેલ ધિરાણ સામે સદર મિલકતના ટાઇટલ ડીડ તમો લખાવી લેનારને સુપ્રત કરવા સામે અમો લખી આપનાર ને વાંધો નથી તથા તમો લખાવી લેનાર બેંક સિવાય અન્ય કોઇને સદર મિલકતના ટાઇટલ કોઇને સોપેલ નથી. સદર મિલકતના અસલ દસ્તાવેજો તમો લખાવી લેનારને આ ધિરાણના તારણમાં અમો લખી આપનાર એ અમારી રાજીખુશી અને સ્વેચ્છાએ મોર્ગેજ કરી અને આ એકસટેન્સન ઓફ મોર્ગેજ લખી આપી મિલકતના અસલ ટાઇટલ ડીડ તમો સોપેલા છે. જે અમો લખી આપનાર ને કબુલ મંજુર બંધનકર્તા છે. આ માટે એકસટેન્સન ઓફ ઇક્વીટેબલ મોર્ગેજ યાને કે એન્હેન્સમેન્ટ ઓફ ચાર્જ યાને કે વધારાનો બોજો ચાલુ રાખીએ છીએ. આમ અમોએ અગાઉના મોર્ગેજ વખતે આપેલ રૂ. ૧૦,૦૦,૦૦૦/- તથા આ એકસટેન્સન મોર્ગેજની વધારાની લોન રૂ. ૫,૦૦,૦૦૦/- મળી આ મિલકત ઉપર કુલ રૂ. ૧૫,૦૦,૦૦૦/- લાખનો બોજો ગણાશે. જેમાંથી તમોએ આજરોજ સુધી જમા કરાવેલ રકમ બાદ કરતાં બાકીની રકમનું નીચે જણાવેલ મિલકત ઉપર તારણ/બોજો ચાલુ રહેશે. જે મિલકત નીચે શીડયુલ નંબર-૧ માં જણાવેલી છે.

## શીડયુલ-૧

## લખી આપનાર ની મિલકતનું વર્ણન

જત ડીસ્ટ્રીક્ટ ................સબ ડીસ્ટ્રીકટ ................ના ................તાલુકાના મોજે ગામ .....................તા. ................ જી. .....................ઠે. .....................ટી.પી. નં. ..................ફા.પ્લોટ નં. ..............સર્વેનં.......... સી.સ.નં............... ટીકા નં.............. કુલ ક્ષેત્રફળ ચોમી. .............................પૈકી બાંધકામ ચોમી............... દુકાન/ફ્લેટ/ઓફીસ/ટેનામેન્ટ/બંગલો/ખેતીની જમીન/ અધોગિક હેતુ વાળી મિલકત આવેલ છે.જેના ખુંટ ચાર ની વિગત નીચે મુજબ છે.

પૂર્વે : ..................................................................

પશ્ચિમે :- ................................................................

ઉત્તરે :- ................................................................

દક્ષિણે :- ................................................................

ઉપરોક્ત ખૂંટવર્ણનવાળી મિલકત અમો લખી આપનારે પોતાના ઉપજના નાણાંમાંથી ખરીદ કરેલ છે. અને તે અમારી છે. અને તેમાં અમારો કબજો છે. સદર મિલકત ઉપર અમો લખી આપનારે તમો લખાવી લેનાર સીવાય કોઇપણ સંસ્થામાંથી લોન કે ધિરાણ લીધેલ નથી કે બોજો કરેલ નથી કે તારણમાં મુકેલ નથી કે કોઇને કોઇપણ રીતે અમો લખી આપનારે લખી આપેલ નથી કે બોજો ઉત્પન્ન કરેલ નથી. સદર મિલકતના ટાઇટલ નીચે શીડયુલ-૨ માં જણાવ્યા મુજબના તમો લખાવી લેનાર બેંકને સુપ્રત કરેલા છે.

## શિડયુલ-૨

## લખી આપનારાઓએ સોપેલ દસ્તાવેજોની વિગત

(૧) અસલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર :..........................તા................................

(૨) અસલ ઇન્ડેક્ષની-૨ ની નકલ

(૩) અસલ શેર સર્ટીફીકેટ નંબર : .............

(૪) સોસાયટીએ આપેલ નોન્ડ્યુ તથા નો-ઓબ્જેકશન સર્ટીફીકેટ

(૫) અસલ વેલ્યુએશન રીપોર્ટ

(૬) સદર મિલકતનું મ્યુનિ.ટેક્ષ બીલની નકલ

(૭) ગામ નમુનો નંબર-૭ અને ૧૨ ના ઉતારાની નકલ

(૮) ગામ નમુનો નંબર-૨ ની નકલ

(૯) જમીન બીનખેતી અંગેના હુકમની નકલ

(૧૦) બાંધકામ રજાચિઠ્ઠીની ઝેરોક્ષ નકલ

(૧૧) સોસાયટી નોંધણી થયાનું પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ

(૧૨) બી.યુ. પરમીશનની ઝેરોક્ષ નકલ

(૧૩) ગાંધી એન્ડ કુ એડવોકેટે આપેલ ટાઇટલ સર્ટીફીકેટની ઝેરોક્ષ

(૧૪) બાંધકામ અંગેનો મંજુર કરેલ પ્લાનની ઝેરોક્ષ નકલ

(૧૫) અગાઉ કરેલ ઇક્વીટેબલ મોર્ગેજ ડીડ અનુક્રમ નંબર: .............થી તારીખ. .......................

એ રીતેના ઉપર મુજબના ડોક્યુમેન્ટ આ મોર્ગેજ યાને કે એન્હેન્સમેન્ટ ઓફ ચાર્જથી તમો લખાવી લેનાર ને સોપેલ છે.

આથી અમો જાહેર કરીએ છીએ કે આગાઉ દસ્તાવેજ નંબર ૧૫૦૦ તા. .................... થી મોર્ગેજના લેખમાં બનાવેલ લખી આપનારનું નામ/ લખી લેનારનું નામ/મિલકતનું વર્ણન/ગામ/સર્વેનંબર/ક્ષેત્રફળ/વેગેરીમાં કોઇપણ જાતનો સુધારો વધારો થતો નથી.

સદરહું વધારાનો મોર્ગેજના લેખમાં સ્ટેમ્પ ડયુટી તથા નોધણી ફી અંગેનો ખર્ચ મોર્ગેજ કરી આપનારે ભોગવેલ છે. અને ભવિષ્યમાં જે કઇ ભરવા પાત્ર થાય તે અંગે અમો લખી આપનાર જવાબદાર છીએ.

સદરહું મોર્ગેજના લેખથી ધિરાણ મેળવેલ કુલ લોનની રકમ તેના વ્યાજ સહિત ભરપાઇ થાય ત્યારે તમો લખી લેનારે અમોને ગીરો મુક્તિનો લેખ કરી આપવા બંધાયેલા છો.

એ રીતેના ઉપર મુજબના ડોક્યુમેન્ટ આ એકસટેન્સન ઓફ ઇક્વીટેબલ મોર્ગેજ યાને ડીપોઝીટ ઓફ ટાઇટલ ડીડ યાને કે એન્હેન્સમેન્ટ ઓફ ચાર્જમાં અમો લખી આપનારાઓએ વાંચી, વંચાવી, સમજી, વિચારી, તનમનના સાવધાનપણામાં પોતાના સ્વચ્છ અને તંદુરસ્ત સ્થિતીમાં કોઇની કોઇપણ જાતની શીખવણી ચઢવણી, ધાક ધમકી કે દાબ દબાણને વશ થયા સીવાય મુકત સંમતિથી રાજીખુશીથી, અક્કલ હોંશીયારીથી, બીન કેફ બીન નશે, સભાનવસ્થામાં સહીઓ તથા સાક્ષીઓ લખી આપેલ છે. જે અમો લખી આપનાર તથા તથા અમારા વંશ, વાલી, વારસો, ઇત્યાદી સર્વે તમામને કબુલ મંજુર અને બંધનકર્તા સહી છે.

આજ રોજ તારીખ : ................ માહે. ............. સને .................. ના દીને શહેર ............. મધ્યે.

અત્રે ..........................................મતુ અત્રે ....................................................શાખ

**આપનાર** :        <u>સહી</u>                                    <u>સહી</u>

(૧)....................                      સાક્ષી નંબર-૧

**લેનાર** :        <u>સહી</u>                                    <u>સહી</u>

(૨).......................                    સસાક્ષી નંબર-૨